


“હવે બહુ રાહ જોવડાવી..!! વિલંબ પણ ખાસ્સો થયો... હવે તો આવે તો સારૂ..!!”

“અ...હં..! વરસાદની જ વાત કરો છો ને..?! આવશે આવશે..!! ધીરજ રાખો..!! ઈશ્વર કે ઘર દેર હૈ, અંધેર નહીં..!!”

“હા... એ તો અમને ખબર છે... કે ઈશ્વરના ત્યાં અંધેર નથી, પણ અહીંયા તો અંધેરે અંધેર છે..!!”

“કેમ આટલા બધા નિરાશાવાદી બની જાઓ છો ?! ક્યાં ગયુ તમારૂ શ્રદ્ધાબળ..?! આવું તે કંઈ ચાલતુ હશે..?!”

“હા... એ તો બધી અમને ખબર જ છે, પણ ચારેકોર અંધાધુંધી છે..! જુઓને ઘટનાઓ તો જુઓ..! માથુ ફાટી જાય છે..!!”

“કેમ આટલો બધો આક્રોશ..?! આટલુ બધુ મન ઉપર કેમ લઈ લો છો..?!”

“અરે ભાઈ..! ડગલે ને પગલે, ક્ષણે-ક્ષણે સમાચાર તો જુઓ..! હત્યા-આત્મહત્યા... ચોરી - લૂંટ - અપહરણ - દુષ્કર્મ-છેતરપીંડી..!!”

“...બસ... બસ...બસ..!! આપની વાત સાચી છે... ચારે બાજુ ટેન્શન, ટેન્શન છે..!! કોઈકને કંઈક છે તો કો’કને કોકનું છે..., પરંતુ દરેકને કંઈક ટેન્શન તો હોય છે..!!”

“પણ મને હજુ સુધી એ ખબર નથી... કે આ ટેન્શન શુ બલા છે..?! ટેન્શન થાય કેવી રીતે..?!”

“જો ભાઈ..! અપેક્ષાઓ વધતી જાય છે અને પ્રાપ્તિ ઓછી થતી જાય છે..! ટાર્ગેટ ઉંચા હોય છે ને પહોંચી વળાતુ નથી..! એટલે જે વલોપાત સર્જાય તેનુ નામ ટેન્શન..!!”

“ઓ હો હો..! બહુ સીમ્પલ..! તો આપણે આ ટેન્શન જ કાઢી નાખીએ તો..?! ટેન્શનને આવવા જ ના દઈએ તો..?!”

“...તો...તો..! ભયો-ભયો..! ચાદર હોય એટલા જ પગ લાંબા કરીએ તો ટેન્શન જ નહીં..! પહોંચ જેટલી જ અપેક્ષાઓ રાખીએ..!! પછી તો ચિંતા જ નહીંને..?!”

“ખરૂ હોં...તમે રામબાણ ઈલાજ બતાવ્યો..!”

“આ રામબાણ દવા છે..! બધા જ દર્દોની એક જ દવા..! એ સબંધ હોય - સમાજ હોય - વ્યવસાય કે વ્યાપાર હોય કે સાધુ સંત હોય... જીવન સત્યને જો સ્વીકારી શકાય તો એનાથી મોટો કોઈ ઈલાજ નથી..!!”

“અહંહં..! આ જ તો કંઈ ઔર મુડ છે... રાજકારણની પંચાત છોડી દીધી એમ ?!”

“કાંઈ જ છોડ્યુ નથી ભાઈ..! આજે તો જો વાતાવરણ કેવું છે..?! તે આવી જ વાતો થાય ને..?! નથી દાળવડા ખવાય એવા કે નથી ચણા-મમરા ખવાય એવા..!!”

“એટલે...‘ચા’ એકલી જ ને ?!”

“હા... આ..!! ચાય પે ચર્ચા..! એ બાને સાહેબ તો યાદ આવે...?!”

“ખરા છો તમે..?! ચા પીવાની વાતમાંય સાહેબને વચ્ચે લાવો છો..?!”

“ભાઈ તમારા સાહેબ એટલે સાહેબ..! એમની વાત જ ના થાય..!”

“હા... વાત...ના થાય..! સાચી વાત છે..!! એમણે ખુબ

● અનુસંધાન પાન-૭ પર



મનામણા - ભારતીય જનતા પક્ષના વડોદરા જીલ્લાના ત્રણ ધારાસભ્યોએ ગઈકાલે વ્યક્ત કરેલી વહીવટી તંત્ર સામેની નારાજગી દૂર કરવા શુક્રવારે તાબડતોબ નાયબ મુખ્યમંત્રી સાથે વાત કરવા તેડુ મોકલાવાયું હતું... જે અન્વયે નિતીનભાઈ પટેલે બંને નારાજ ધારાસભ્યોની રજૂઆત સાંભળી તેમની લાગણીને યોગ્ય સમયે મુખ્યમંત્રીના આગમન બાદ ઉકેલ લવાશે એવી હૈયાધારણા આપતા નારાજગી દૂર થઈ હતી...

# સાંજે વરસાદી વાદળો છવાયા પણ વરસાદે આપી હાથતાળી

**ગરમીનો પારો ૫ ડિગ્રી ગગડયો : દિવસ દરમિયાન પણ નગરજનોએ બફારો અનુભવ્યો**
**સાંજે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ છાંટણા વરસાવી હાથતાળી આપી ગયો**

ગાંધીનગર તા ૨૯

શહેરમાં આજે વરસાદી વાતાવરણ વચ્ચે પણ નગરજનોએ આકરો બફારો અનુભવ્યો હતો. દિવસના આકરા ઉકળાટ બાદ સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. પરંતુ આકાશમાં લુપાછુપી રમતા વાદળો વચ્ચે વરસાદ છાંટણા વરસાવી હાથતાળી ગયો હતો. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૫ ડી ગ્રી નીચે ગગડતા નગરજનોએ આકરા તાપમાં રાહત અનુભવી હતી. પરંતુ વરસાદની આશ આજે પણ ઠગારી નિવડી હતી.

ગાંધીનગરમાં રોજબરોજ આકાશમાં ઘેરાતા વરસાદી વાદળો વચ્ચે વાદળિયુ વાતવરણ સર્જાય છે પરંતુ આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસતા નથી. મેઘરાજા હજુ પણ ગાંધીનગરથી રીસાયેલા છે. અમદાવાદ સહીત દક્ષિણ ગુજરાતમાં મનમુકીને વરસતા મેઘરાજા ગાંધીનગરમાં હજુ આચમની ભરીને જ વરસ્યા છે. અલબત્ત ચોમાસાની શરૂઆતમાં મેઘરાજાનુ ધમાકેદાર આગમન થયુ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૮૧ આચાર્યોની ભરતી કરાશે

**આચાર્યોની ભરતીના અંતે શિક્ષકોના કામનુ ભારણ ઘટશે તેમજ શિક્ષણની ગુણવત્તા સુધરશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગર જિલ્લાની ૮૧ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ભરતી કરવામાં આવશે. આ માટે અગાઉ ઓનલાઈન અરજી પણ મંગાવાઈ હતી. જયારે આ અન્વયે મેરીટ પણ તૈયાર કરી દેવાયુ છે. ટુંકમાં જ ઈન્ટરવ્યુના આધારે શાળામાં આચાર્યોની ઘટનો પ્રશ્ન હલ થશે. જેના લીધે શિક્ષકો પરનુ ભારણ ઘટવાની સાથે શિક્ષણની ગુણવત્તામાં પણ સુધાર આવશે.

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા માટે ઉઘડતા શૈક્ષણિક સત્રના પ્રારંભે જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા માટે પ્રવાસી શિક્ષકોને પણ નિમણુંક આપવામાં આવી હતી. શાળામાં વિષય શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થાય અને વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર ન પડે તે માટે પ્રવાસી શિક્ષકોની યોજના લંબાવી નવા શિક્ષકોને પણ શાળામાં સ્થાન આપવામાં આવ્યુ છે. જયારે હજુ પણ જિલ્લાની શાળાઓમાં આચાર્યોની ઘટનો પ્રશ્ન પણ ઉભો છે ત્યારે શિક્ષણતંત્ર દ્વારા આવી શાળાઓમાં આચાર્યોની ઘટ નિવારવા માટે પણ ટુંકમાં પ્રક્રીયા

● અનુસંધાન પાન-૭ પર

## આજે મહાત્મા મંદિરમાં સ્વચ્છતા મિશન અંતર્ગત મહત્વનો સેમિનાર

ગાંધીનગર, તા. ૨૯

મહાત્મા મંદિર ખાતે આજે ભારત સરકારના શહેરી વિકાસ અને આવાસ બાબતોના મંત્રાલય દ્વારા ઘનકચરા વ્યવસ્થાપનના ૧૨ જેટલા મહત્વના પરિબળોને લઈ એક સિંગલ મેટ્રીક પદ્ધતિ શરૂ કરવામાં આવી છે અને તેને લઈ સ્ટાર રેટીંગ પ્રોટોકોલ ફોર ગાર્બેઝ ફ્રી સીટીની પહેલ માટેનો એક વર્કશોપ યોજવામાં આવ્યો છે.

રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંહની અધ્યક્ષતામાં યોજાનાર વર્કશોપ ત્રણ ભાગમાં આખા દિવસ દરમ્યાન યોજાશે. જેમાં શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ મુકેશ પુરી સચિવશ્રી હાઉસીંગ લોચન શહેરા કમિશનરશ્રી મ્યુનિસિપાલટીઝ એડમીનીસ્ટ્રેશન એમ.એસ. પટેલ, એડીશનલ કમિશનર, મ્યુનિસિપાલટીઝ એડમીનીસ્ટ્રેશન, બી.સી. પટણી તેમજ મ્યુનિસિપલ કમિશનર એલ.એલ. અમરાણીની ઉપસ્થિતિમાં (દીવ, દમણ અને દાદરા નગર હવેલી)ના ઉચ્ચ અધિકારીઓ અને પ્રતિનિધિઓ ભાગ લેનાર છે. ઉપરાંત ૮ મહાનગરપાલિકાના મેયરો, તમામ કમિશનરો, ૬ રીજીયોનલ કમિશનરો, મ્યુનિસિપાલટીઝ ૧૬૨ નગરપાલિકાના ચીફ ઓફીસરો, નોડલ ઓફીસરો, સેનેટરી ઈન્સ્પેક્ટરો મળી આશરે ૫૦૦ પદાધિકારીઓ/અધિકારીઓ ભાગ લેશે.

## આજે ઓરી-રૂબેલા રસીકરણ અંગે આરોગ્યતંત્ર દ્વારા સેટકોમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં આગામી ૧૬-૭-૧૮થી શરૂ થઈ રહેલ ઓરી રૂબેલા રસીકરણ અભિયાન અંતર્ગત રાજ્યના આરોગ્યતંત્ર દ્વારા એક સેટકોમનું આયોજન આજે કરવામાં આવ્યુ છે. આજે સવારે ૧૧ વાગે બાયસેગ દ્વારા આ કાર્યક્રમનું પ્રસાણ કરવામાં આવનાર છે. આ અભિયાનને સફળ બનાવવા તમામ શિક્ષકો, આરોગ્ય કર્મચારીઓ, આશા અને આંગણવાડી કાર્યકરો સમક્ષ સચોટ સંદેશ પહોંચે તેમજ અભિયાનની જાણકારી પ્રાપ્ત થાય તે હેતુથી રાજ્યકક્ષાએથી આ આયોજન કરવામાં આવ્યુ છે.

રાજ્ય આરોગ્યતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્યમાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના ૧ કરોડ ૮૦ લાખ જેટલા બાળકોને આવરી લેવામાં આવનાર છે. આ પૈકી ૧.૨૬ કરોડ બાળકો સરકારી ખાનગી શાળાઓમાં છે. જ્યારે ૩૬ લાખ બાળકો જે આંગણવાડી અને ૧૮ લાખ અન્ય બાળકોને આઉટરીચ સેશનમાં આવરી લેવાનું આયોજન છે. ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાંથી ૨૦૨૦ સુધીમાં ઓરીનું નિવારણ અને રૂબેલાને નિયંત્રણમાં લાવવાના હેતુથી આ અભિયાન યોજાઈ રહ્યું છે.

અભિયાનમાં બાળકના જમણા હાથના બાવળામાં રસી આપવામાં આવશે. જિલ્લાઓ દ્વારા આ માટેનું તમામ આયોજન લગભગ અંતિમ તબક્કામાં છે




**બેસણું**

મારા ભાઈ શ્રી **મનુભાઈ પુરૂષોત્તમદાસ પટેલ** (સી.ડી.પટેલ ફાર્મ, ડભોડા-લવારપુર રોડ, મુ.ડભોડા) ના તા.૨૮-૦૬-૧૮ને ગુરૂવારના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૦૧-૦૭-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમ્યાન** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : હનુમાનજી મંદિરની વાડી, મુ.પો.ડભોડા, તા.જી.ગાંધીનગર

લિ.
જગદીશભાઈ પુરૂષોત્તમદાસ પટેલ, મો.૯૪૨૮૪ ૨૦૯૨૨
(નિવૃત્ત નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગાંધીનગર)
ચિરાગકુમાર મનુભાઈ પટેલ, મો.૯૭૧૨૯ ૭૧૧૮૪

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.



# ભાવભીની અંજલિ



**સ્વ. સતીશભાઈ બી. પટેલ**
**સ્થાપક પ્રમુખ, ગાંધીનગર જેસીઝ**

ગાંધીનગરમાં જેસીઝની ચળવળના પ્રણેતા અને ગાંધીનગર જુનિયર ચેમ્બરના સ્થાપક પ્રમુખ સતીશભાઈ બી. પટેલના દુઃખદ અવસાનથી ગાંધીનગર જેસીઝ પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે.

સ્વ. સતીશભાઈના નેતૃત્ત્વમાં ગાંધીનગરમાં જેસીઝ પ્રવૃત્તિના માધ્યમથી સેંકડો યુવાનોને વ્યક્તિત્વ ઘડતરના પાઠ શીખવા મળ્યા છે જે બદલ જેસીઝ પરિવાર સદ્દગતને શત્ શત્ વંદન પાઠવે છે અને ગાંધીનગર જેસીઝના પૂર્વ પ્રમુખ પરિવારો, જેસીઝ ચળવળના સૌ સભ્યો વતી સ્વ. સતીશભાઈ પટેલને ભાવભીની અંજલિ આપીએ છીએ...

**સદ્દગતના આત્માને ચિર શાંતિ માટે પરમ તત્વને પ્રાર્થના પાઠવીએ છીએ...**

- કૃષ્ણકાન્ત જહા
- વિરેન્દ્રસિંહ ઝાલા
- શૈલેષભાઈ પંડ્યા
- કે. આર. પટેલ
- અશોક ગણાત્રા
- જશવંત ગાંધી
- નંદુભાઈ પટેલ
- અંબરીષ પુંજાણી
- મણીભાઈ ચૌધરી
- ડો. હસમુખ નાયક
- કનુભાઈ જે. પટેલ
- નટુભાઈ લાડાણી
- વિક્રમભાઈ પટેલ
- મેહુલ પટેલ
- કલ્પેશ શાહ
- શ્રીકાન્ત ત્રિવેદી
- કાર્તિક પટેલ
- બિપીનભાઈ રાવલ
- ડો. પ્રણવ જોષીપુરા
- નિમેષ રાવલ
- મુકેશ શુક્લ
- બિપીન જયસ્વાલ
- એલ. એસ. પટેલ
- એમ. સી. શાહ
- સંજીવ મહેતા
- ઘનશ્યામ પટેલ
- સુનીલ ગંગવાની
- કેતન નિર્મલ
- સાત્વિક ત્રિવેદી
- કેતન ભાવસાર
- ડો. પરાગી ગાંધી
- મહેશ પટેલ

સ્વ. જયસુખભાઈ ઝાટકીયા ● સ્વ. મહેશભાઈ રાવ ● સ્વ. બાબુભાઈ દેસાઈ ● સ્વ. ગોપાલ શુક્લ

**ગાંધીનગર જેસીઝ પરિવાર, ગાંધીનગર**


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com